SNEH hospital™
ASSURING BETTER HEALTH
AN ISO 9001 : 2008 CERTIFIED HOSPITAL

# સ્નેહ™
## આઈ.વી.એફ. સેન્ટર



## સંપૂર્ણ પરિવારનો અહેસાસ

### અમારી શાખાઓ

**અમદાવાદ :** મણીનગર : સ્નેહ આઈ.વી.એફ. સેન્ટર : સ્નેહ હોસ્પિટલ રોડ,
હાટકેશ્વર સર્કલ - સેવન્થ ડે સ્કૂલની વચ્ચે, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૦૮. મો.: ૭૦૪૮૩૩૧૦૦૦

પ્રહલાદનગર : સ્નેહ આઈ.વી.એફ. સેન્ટર : ત્રીજો માળ, સહજાનંદ પેલેસ, ગોપી રેસ્ટોરન્ટની ઉપર,
આનંદ નગર ચાર રસ્તા, પ્રહલાદનગર, અમદાવાદ-૧૫. મો.: ૭૦૪૮૩૩૧૦૦૦

ગોતા : સ્નેહ આઈ.વી.એફ. સેન્ટર : બીજો માળ, શ્રી વિષ્ણુધારા ગાર્ડન, જેગુઆર શો-રૂમ રોડ,
જગતપુર, ગોતા, અમદાવાદ-૮૧. મો.: ૬૩૫૯૬૦૮૦૦૦

બોપલ : સ્નેહ આઈ.વી.એફ. સેન્ટર : પહેલો માળ, તુરક્યોસે-૩, અર્બન હેલ્થ સેન્ટર પાસે,
ગાલા જીમખાના રોડ, બોપાલ, અમદાવાદ-૫૮. મો.: ૭૫૬૭૧૦૬૦૦૦

**વડોદરા :** છઠ્ઠો માળ, ઈશાન બિલ્ડીંગ, સિટ્રોન કાર શો-રૂમ ઉપર, રીલાન્યસ મેગા મોલ સામે,
ઓલ્ડ પાદરા રોડ, વડોદરા-૪૦. મો.: ૬૩૫૯૧૦૦૪૦૦

Helpline No.: **704833 1000**
snehhospitals@gmail.com
www.snehhospitals.com
www.snehivf.com
Website



• સ્નેહ હોસ્પિટલને આઇ.વી.એફ. અને ઇન્ફર્ટલીટી સારવારમાં સેવા શ્રેષ્ઠતા માટે **ટાઇમ્સ હેલ્થ લીડર્સ એવોર્ડ ૨૦૨૪** મળેલ છે.

• स्नेह होस्पिटल में आई.वी.एफ. और बांझपन उपचार में सेवा उत्कृष्टता के लिए **टाइम्स हेल्थ लीडर्स अवार्ड २०२४** प्राप्त किया।

• ગુજરાતના વિકાસમાં મેડિકલ ક્ષેત્રે સહભાગી થવા બદલ માનનીય મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાત ગૌરવ એવોર્ડ ૨૦૧૯** એનાયત થયેલ છે.

• गुजरात के विकास में मेडीकल क्षेत्र में योगदान में सहभागी होने पर माननीय मुख्यमंत्री **श्री विजयभाई रूपाणी के हाथो से गुजरात गौरव एवोर्ड २०१९** प्राप्त हुआ है।





• સ્નેહ હોસ્પિટલ અને આઈ.વી.એફ. સેન્ટર (અમદાવાદ) સ્ત્રીરોગ અને વંધ્યત્વ શ્રેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ **ધ લેજેન્ડ્સ ઓફ ગુજરાત એવોર્ડ ૨૦૨૩** ગુજરાત સરકારના **ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી ના હસ્તે** એનાયત થયેલ છે.

• स्नेह होस्पिटल और आई.वी.एफ. सेन्टर (अहमदाबाद) स्त्रीरोग एवं बांझपन श्रेत्रे सर्वोत्तम कार्य के लिये **धी लेजेन्ड्स ओफ गुजरात एवोर्ड २०२३ गृहमंत्री श्री हर्ष संघवी के हाथो से** प्राप्त हुआ है।

• સમગ્ર એશિયાની સર્વશ્રેષ્ઠ ૧૦૦ હોસ્પિટલમાં સ્નેહ હોસ્પિટલના સમાવેશ બદલ સ્નેહ હોસ્પિટલને **આંતરરાષ્ટ્રીય એવોર્ડ** એનાયત થયેલ છે.

• समग्र एशिया की सर्वोतम १०० होस्पिटल में स्नेह होस्पिटल का समावेश के लिए स्नेह होस्पिटल को **आंतरराष्ट्रीय एवोर्ड** प्राप्त हुआ है।





• પુરુષ સબંધીત વ્યંધ્યત્વ (શુક્રાણુ તકલીફની સારવાર) ના ક્ષેત્રમાં શ્રેષ્ઠ ડૉક્ટરનો **ભારત હેલ્થકેર એવોર્ડ** વિજેતા ૨૦૧૮

• पुरुष सबंधित बांझपन (शुक्राणु तकलीफ की सारवार) के क्षेत्र में श्रेष्ठ डॉक्टर का **भारत हेल्थकेर एवोर्ड** विजेता २०१८

● ગુજરાત રાજ્ય સ્ત્રી આરોગ્ય (ઓબસ્ટેટ્રીક અને ગાયનેકોલોજી) શ્રેણીમાં સ્નેહ હોસ્પિટલની ડૉક્ટર ટીમને ગુજરાતના સૌથી વિશ્વાસપાત્ર **ગાયનેકોલોજીસ્ટનો આંતરરાષ્ટ્રીય હેલ્થકેર એવોર્ડ ૨૦૧૭ વિજેતા** એનાયત થયેલ છે. (ભારતીય ક્રિકેટર રોહિત શર્માના હસ્તે)

● गुजरात राज्य स्त्री आरोग्य (ओबस्टेट्रीक और गायनेकोलोजी) की श्रेणी में स्नेह होस्पिटल की डॉक्टर टीम को गुजरात का सबसें विश्वासपात्र **गायनेकोलोजीस्ट का आंतराष्ट्रीय हेल्थकेर एवोर्ड** विजेता २०१७ (भारतीय क्रिकेटर रोहित शर्मा के हाथसे)





● સ્નેહ હોસ્પિટલને સમગ્ર ગુજરાતમાં શ્રેષ્ઠ વ્યંધ્યત્વ નિવારણ અને આઈ.વી.એફ. હોસ્પિટલ તરીકે **ગોલ્ડન સ્ટાર હેલ્થકેર એવોર્ડ** ૨૦૧૮ અભિનેત્રી અને સંસદ સભ્ય કિરણ ખેરના હસ્તે એનાયત થયેલ છે.

● स्नेह होस्पिटल को समग्र गुजरात राज्य में श्रेष्ठ बांझपन निवारण और आई.वी.एफ. होस्पिटल की श्रेणी में **गोल्डन स्टार हेल्थकेर एवोर्ड** २०१८ अभिनेत्री एवं संसद सभ्य किरण खेर के हाथो से प्राप्त हुआ है।

● સમગ્ર ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ વ્યંધ્યત્વ નિવારણ અને આઈ.વી.એફ. હોસ્પિટલ ની એક શ્રેણીમાં **આંતરરાષ્ટ્રીય હેલ્થકેર એવોર્ડ** ૨૦૧૭ વિજેતા સ્નેહ હોસ્પિટલ (ભારતીય ક્રિકેટ કેપ્ટન રોહિત શર્માના હસ્તે)

● समग्र गुजरात राज्य का श्रेष्ठ बांझपन निवारण और आई.वी.एफ. होस्पिटल की श्रेणी में **अंतरराष्ट्रीय एवोर्ड २०१७** से स्नेह होस्पिटल को सन्मानीत किया गया है। (भारतीय क्रिकेट केप्टन रोहित शर्मा के हाथसे)





● સર્વોતમ આઈ.વી.એફ. અને ઈન્ફર્ટીલીટી, સરોગસી સેન્ટર ગુજરાત અને અમદાવાદ માટે **રાષ્ટ્રીય ગુણવત્તા સિદ્ધિ એવોર્ડ ૨૦૧૯** એનાયત

● सर्वोतम आई.वी.एफ. एवं ईन्फर्टीलीटी, सरोगसी सेन्टर गुजरात एवं अहमदाबाद का **राष्ट्रीय गुणवत्ता सिद्धि एवोर्ड २०१९** प्राप्त हुआ है ।

● બેસ્ટ ગાયનેકોલોજીસ્ટ એન્ડ ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ ઈન **ગુજરાત હેલ્થ કેર લીડરશીપ એવોર્ડ ૨૦૨૧** એનાયત

● बेस्ट गायनेकोलोजीस्ट एवं ईन्फर्टीलीटी स्पेश्यीलीस्ट ईन **गुजरात हेल्थ केर लीडरशीप एवोर्ड २०२१** प्राप्त हुआ है ।



SNEH hospital
ASSURING BETTER HEALTH

# ૧,૦૦,૦૦૦ થી વધુ વંધ્યત્વ નિવારણના કેસનો અનુભવ ધરાવતી ટીમ

# અને ૧૦,૦૦૦ થી વધુ આઈ.વી.એફ. સારવારનો અનુભવ

## સ્નેહ હોસ્પિટલનાં આઈ.વી.એફ. અને ઈન્ફર્ટીલીટી નિષ્ણાંત અમદાવાદ ડોક્ટરોની ટીમ

**ડૉ. નિસર્ગ ધારૈયા**
(ડાયરેક્ટર અને ચેરમેન, આઈ.વી.એફ. સ્પેશ્યાલીસ્ટ)

**મણીનગર (મુખ્ય શાખા)**

ડૉ. ઉષ્મા પટેલ | ડૉ. શેતલ દેશમુખ | ડૉ. કુણાલ મોદી | ડૉ. કુશલ શાહ | ડૉ. અમી પટેલ

**પ્રહલાદનગર**

ડૉ. ખુશાલી શાહ | ડૉ. સાધના ફૂફાલ

**ગોતા**

ડૉ. કાજલ જજાલ

**બોપલ**

ડૉ. કાંતિ બંસલ | ડૉ. ઋષિ પટેલ

**વડોદરા**

ડૉ. દિપા પટેલ | ડૉ. તેજલ શાહ

## એમ્બ્રોલોજીસ્ટ

કિરણ દાસ | નિકિતા વૈષ્ણવ | હેત્વી મિલિશિયા

## અમારી સહ હોસ્પિટલ

મણીનગર, પ્રહલાદનગર, ગોતા, બોપલ, વડોદરા
રાજકોટ, જામનગર, જુનાગઢ, ભુજ, મોરબી
અંજાર, બાડમેર, બાંસવાડા, બાલોતરા, સાંચોર

**1st Time in Vadodara**

**Sneh IVF Vadodara Launches**

**World's Most Advance Dry Incubator**
K system G185





Integra 3TM Micromanipulator

**THIS WILL GIVE TOP QUALITY IVF TREATMENT IN VADODARA FOR THE 1ST TIME**

## વંધ્યત્વ શું છે? અને તેની ટકાવારી અને વંધ્યત્વના કારણો શું છે?

- વંધ્યત્વ એટલે લગ્ન પછી કોઈપણ ગર્ભનિરોધકનો ઉપયોગ કર્યા વિના ૧ વર્ષ પછી પણ સગર્ભા થવાની અક્ષમતા.
- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અંદાજ અનુસાર આશરે ૮-૧૦ ટકા દંપતિઓ કેટલાક સ્વરૂપે વંધ્યત્વ અનુભવે છે. વૈશ્વિક ધોરણે તેનો અર્થ એ થાય કે ૭ કરોડ લોકો વંધ્યત્વ ધરાવે છે. તે ઉપરાંત પ્રથમ બાળક પછી પણ ૫-૭ વર્ષનો સમય પસાર થઈ ગયો હોવા છતાં પણ બીજા બાળક માટે ગર્ભધારણમાં મુશ્કેલી અનુભવવી પડે છે અને સમય પસાર થતો હોય છે.
- બાળક પ્રાપ્તિ માટેના પ્રયત્નો કરતા ઘણા દંપતિઓ અસફળ રહે છે તેના ઘણા કારણો છે. વધુ ઉંમર, જીવનશૈલી, વ્યવસાય, તનાવયુક્ત જીવન, જૈવિક અને તબીબી પરિબળો પુરૂષ અને સ્ત્રી બન્નેની પ્રજનન શક્તિમાં ભૂમિકા ભજવે છે. લોકોમાં એક સામાન્ય ધારણા છે કે ગર્ભધારણ ન થાય તે માટે સ્ત્રીઓ જવાબદાર છે. અથવા સ્ત્રીઓમાં કંઈક ખામી છે, જ્યારે આ વાત સંપૂર્ણ સત્ય નથી. ઈન્ફર્ટીલીટીના લગભગ ૩૦% કિસ્સાઓમાં સમસ્યા પુરૂષોમાં હોય છે, તથા ૩૦% કિસ્સાઓમાં સ્ત્રી-પુરૂષ બન્ને જવાબદાર છે.

## સ્ત્રીઓમાં વંધ્યત્વના મુખ્ય કારણો



- બીજ ન બનવું, અનિયમિત બને કે સારા ન બને
- LOW AMH - (બીજ ઓછા થઈ ગયા હોય)
- PCOD - સ્ત્રી બીજ છુટા ન પડવા
- એન્ડોમેટ્રીયોસીસ, એડહેશન
- Menopause Premature Ovarean Failure - (માસિક બંધ થઈ ગયા હોય)
- Fullopian Tube નુકશાન પામેલ હોય કે બંધ હોય (અંડવાહક નલિકા)
- ગર્ભાશયની અંદરનું પડ (Endometrium) ગર્ભ સ્વીકારવા સક્ષમ ન હોય ગર્ભાશયનું મુખ શુક્રાણુનું વહન સારી રીતે ન કરે
- આગળ બાળક હોવા જતાં બીજુ બાળક ન રહેતું હોય અથવા અધુરા મહિને બાળક પડી જતું હોય.

## પુરૂષમાં વંધ્યત્વના મુખ્ય કારણો

- ૩૦-૪૦ ટકા કિસ્સામાં વંધ્યત્વ માટે પુરૂષ જવાબદાર હોય છે.
- પુરૂષ બીજ જરૂરી પ્રમાણમાં અને ગુણવત્તા યુક્ત ઉત્પન્ન ન થાય કે વહન થતુ જ ન હોય અથવા વીર્યમા શુક્રાણુની સંપૂર્ણ ઉણપ હોય (Oligospermia અથવા Azoospermia)
- શુક્રાણુનું પ્રમાણ ઓછું હોય સાથે ગતિશીલતા ઓછી હોય કે અનિયમિત આકાર ધરાવતા શુક્રાણુની ટકાવારી ખૂબ વધારે હોય.
- સંભોગમાં વીર્યસ્ખલનમાં શારિરીક કે માનસિક તકલીફ હોય, વીર્યની માત્રા ઓછી હોય.
- પુરૂષોમાં સ્પર્મ કાઉન્ટ ઓછુ થવાનું કારણ બાળપણમાં કોઈ ઈન્ફેક્શન, હોર્મોનલ ડીસોર્ડર, જીનેટીક કારણો અને શારિરીક નિષ્ક્રિયતા સામેલ છે, જે લોકો ગુટખા, તમાકુ અને ધુમ્રપાન કરે છે તેમના સ્પર્મ કાઉન્ટ/ગતિશીલતા સામાન્ય પુરૂષો કરતા ઓછી હોય છે.

## વંધ્યત્વ નિવારણ માટે વિવિધ કઈ પ્રક્રિયાઓ ઉપલબ્ધ છે

- દોરા, ધાગા, ભુત, ભુવા અથવા કોઈપણ અવૈજ્ઞાનિક ઉપચારો, અંધશ્રદ્ધા જેવા ઉપાયોમાં લગ્નજીવનના કિંમતી સમય વેડફી ન નાખવો. હવે મેડીકલ સાયન્સ/વિજ્ઞાન એટલુ આગળ વધી ગયુ છે કે દિન પ્રતિદિન નવા સંશોધનો થતા વંધ્યત્વ નિવારણ માટે ઘણી બધી પદ્ધતિઓ ઉપલબ્ધ થઈ છે. આવી પદ્ધતિમાં સારી સફળતાઓ મળે છે. મેડીકલ સાયન્સ દ્વારા અસંખ્ય દંપતિ સંતાન સુખ ભોગવી શકે તેના માટે શક્યતાઓ અને સંભાવનાઓ ઉપલબ્ધ છે. તેનો ડૉક્ટરની સલાહ મુજબ લાભ લઈ શકાય. વંધ્યત્વના કિસ્સામાં સ્ત્રીની તેમજ પુરૂષના તપાસ બાદ નિષ્ણાંત ડૉક્ટર તેને માટેની તબક્કાવાર સારવારની પદ્ધતિ પર સલાહ આપવાની સ્થિતિમા હોય છે. જેવી કે,

## વંધ્યત્વની સારવારના વિકલ્પો

**૧. નેચરલ સાયકલ મોનીટરીંગ :** દરેક સ્ત્રીમાં કુદરતી રીતે સામાન્ય રીતે દરેક મહિને સારા બીજ બનતા હોય છે, અને કુદરતી રીતે ઓવ્યુલેશન (બીજ છુટા પડતા હોય) થતુ હોય છે. ડૉક્ટર તરીકે અમે આ પદ્ધતિમાં સામાન્ય સોનોગ્રાફી દ્વારા બીજ છુટા પડવાનો દિવસ જાણી આપીએ છીએ, આ સારવારમાં સામાન્ય રીતે કોઈ, પણ દવા આપવામાં આવતી નથી અને સ્ત્રી કુદરતી માસીક સાયકલનું ઓબ્ઝર્વેશન કરવામાં આવે છે. જે ઘણા દર્દીઓમાં ખુબ જ મદદરૂપ થતુ હોય છે.

**૨. ઓવ્યુલેશન ઈન્ડક્શન (બીજ છુટુ પડવુ) :** બીજ બનવાની અને છુટુ પડવાની દવા આપી બીજ બનાવવામાં આવે છે, અને બીજ છુટુ પડે તે દિવસોમા સબંધ રાખવાની સલાહ અપાય છે, આ પ્રક્રિયામાં બીજ ના બનતા હોય અથવા છુટુ પડવાની તકલીફ હોય તેવા દર્દીઓમાં લાભદાયક નીવડે છે.

**૩. IUI ની સારવાર :** (IUI) આ એક એવી રીતે છે કે જેમાં સારા પુરૂષ બીજ સ્ત્રીના ગર્ભાશયમાં મુકવામાં આવે છે. જે પુરૂષોમા સ્પર્મ કાઉન્ટ ઓછો છે, અથવા શુક્રાણુની ગુણવત્તા કે ગતિશીલતા ખરાબ છે, તે પણ હવે આ નવી તકનીકની મદદથી પોતાનાં જ શુક્રાણુની મદદથી પિતા બની શકે છે.

આ તકનીકમા પુરૂષના શુક્રાણુને લેબોરેટરીમાં ખાસ રીતે ગતીશીલ કરવામાં આવે છે અને પાતળી નળી દ્વારા સ્ત્રીની કુખમાં આ શુક્રાણુને રાખવામાં આવે છે. ડૉક્ટરો મુજબ તે અત્યંત સરળ અને ઓછી ખર્ચાળ પ્રક્રિયા છે. જો કોઈ સંજોગોમાં પુરૂષના શુક્રાણુ શૂન્ય આવતા હોય તો દર્દી સંમતી સાથે વિર્યદાન (Donar IUI) થી પણ ગર્ભધારણના વિકલ્પમાં જઈ શકે છે.

**૪. આઈ.વી.એફ. એટલે શું ?** IVF : આઈ.વી.એફ. (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન) શરીરની બહાર ફલીનીકરણ, જ્યારે સ્ત્રીબીજ અને પુરૂષબીજના ફલીનીકરણની પ્રક્રિયા શરીરની બહાર લેબોરેટરીમાં કરવામાં આવે છે, તે પ્રક્રિયાને IVF કહેવામાં આવે છે. આ રીતે સ્ત્રી બીજ અને પુરૂષ બીજને શરીર બહાર કાઢી લઈ તેને ફલન કરી ગર્ભ શરીરની બહાર બનાવવામાં આવે છે. ત્રણ કે પાંચ દિવસ સુધી આ ગર્ભને શરીરની બહાર લેબોરેટરીમાં પુરતી કાળજીથી ઉછેરવામાં આવે છે અને ગર્ભ સફળ બને ત્યારબાદ ગર્ભાશયમાં આધુનિક સાધનોથી નિષ્ણાંત ડૉક્ટર દ્વારા સ્થાપિત કરવામાં આવે છે. પછી આ ગર્ભ માતાના ગર્ભાશયમા કુદરતી રીતે વિકાસ પામે છે. તેને IVF કહેવાય છે. IVF ની સારવારમા સામાન્ય રીતે દર્દીના પોતાના બીજ અને શુક્રાણુની મદદથી જ બાળક કરવામાં આવે છે. પરંતુ લોકો એવુ માને છે કે આઈ.વી.એફ. અથવા ટેસ્ટ ટ્યુબ બેબી એટલે બીજાના દાનમાં લીધેલા કણ કે ઈંડાનું બાળક પરંતુ આ માન્યતા સંપૂર્ણ પણે ખોટી છે.

**સ્ત્રી બીજ અને પુરૂષ બીજનુ ફલન કરી સારા પસંદ કરેલ ગર્ભને ગર્ભાશય સુધી પહોંચડવા સુધીનું કામ આ સારવારમાં ચોક્કસ પણે કરવામાં આવે છે. સંતાન પ્રાપ્તીની કોઈપણ સારવાર પધ્ધતિઓ કરતા આઈ.વી.એફ. સારવારમાં ગર્ભ રહેવાની શક્યતાઓ સૌથી વધુ રહે છે.**

## IVF ફાયદા

■ આઈ.વી.એફ. સારવાર પધ્ધતિ ખુબ જ સરળ છે. ■ કોઈપણ યુગલ માટે કોઈપણ પ્રકારની સારવાર કરતા એક સારવારના પ્રયત્નમાં ગર્ભ ધારણ કરવાની શક્યતા આ સારવારમાં મહત્તમ રહેલ છે. ■ સારવાર સરળ છે કોઈ ઓપરેશન, ટાંકા જરૂર નથી, દાખલ થવું પડતું નથી, આડઅસરો કે જોખમ નહીવત હોય છે. ■ પુરૂષે એક જ વાર વીર્ય આપવા આવવું પડે છે, પછી સ્ત્રી કોઈપણ સબંધી બહેન સાથે આવી શકે. ■ માત્ર પાચ થી છ વાર તપાસ કરાવવા સ્ત્રીએ આવવુ પડે છે. એક વાર બીજ બહાર કાઢીએ ત્યારે અને બીજી વાર ગર્ભમા પાછા મૂકીએ ત્યારે ત્રણ ચાર કલાક હોસ્પિટલમા રોકાવુ પડે છે.

# સ્નેહ ફર્ટીલીટી સેન્ટર ખાતે આઈ.વી.એફ. (ટેસ્ટ ટ્યુબ બેબી)

**અમારૂ ધ્યેય છે આપને સંતાન સુખ મેળવવા માટે મદદરૂપ થવુ. અમારી સેવા હજુ વધુ વ્યાપાક અને સારી બનાવવા અમે આપના સુચનો આવકારીએ છીએ. આઈ.વી.એફ.-સારવારની પદ્ધતિ આપને વધુ સમજાય તે માટે આપને અમારા સેન્ટરની રૂબરૂ મુલાકાતનુ સુચન આપીએ છીએ.**

■ અમારા સેન્ટરમા પ્રવેશ બાદ પ્રથમ અમારા ગાયનેકોલોજીસ્ટ તમારી પૂર્વ ટ્રિટમેન્ટનો ઈતિહાસ જોશે અને તમારી તપાસ કરી જરૂરી સલાહ-સૂચન આપશે. અમારા સેન્ટરમા અનુભવી ડૉક્ટર ઉપલબ્ધ છે. કારણ કે દંપતિ સંતાન સુખ વિહોણા હોવાથી ઘણી નિરાશાજનક સ્થિતિમાંથી પસાર થતા હોય છે, આવી સ્થિતિમા તમે સારવાર શરૂ કરતા પહેલા અમારા ડૉક્ટરો સાથે ખુલ્લા મનથી વાત કરી શકો છો.

## સારવારના શરૂ કરતા પહેલા...

સૌ પ્રથમ દંપતિના રીપોર્ટ જેમા,

■ પત્નીના રીપોર્ટ : USG, (Sonography) & Blood Test : CBC, Blood Group, Urine R/M, SGPT, S. Creat, RBS, TSH, Prolactin, HIV, HBsAg, HCV, HbA2, VDRL

■ પતિના રીપોર્ટ : Semen Analysis, જરૂર પડે તો DFI (DNA Fragmentation Index)
Blood Test : HIV, HBsAg, HCV, VDRL, HbA2, Blood Group

## સારવાર ક્યારે શરૂ થાય?

■ માસિકના બીજા-ત્રીજા દિવસથી સારવાર થતી હોય છે, માસિકનો સ્ત્રાવ બરાબર શરૂ થાય તેને પહેલો દિવસ માની બીજા-ત્રીજા દિવસે આવવાનુ રહેશે.

## સારવારના તબક્કા

### A. દવા / ઈંજેક્શનની શરૂઆત :

- અંડાશયને કૃત્રિમ રીતે ઉત્તેજીત કરવા માટે ડૉક્ટર આપને અનુરૂપ દવાઓ ચાલુ કરશે જેથી કરીને ઉચીત માત્રામા સ્ત્રીબીજ મેળવીને ઉચીત માત્રામા કૃત્રિમ ગર્ભ મેળવી શકાય. દવાઓ / ઈંજેક્શન આપવાની પધ્ધતિ (Protocol) દરેકમા અલગ અલગ રીતની હોય છે. જે ડૉક્ટર તમારી તપાસ કરીને નક્કી કરશે.
- માસિકના બીજા દિવસથી શરૂ થતી સારવારમા સૌ પ્રથમ ડૉક્ટર સોનોગ્રાફી કરી અને સ્ત્રીબીજની સંખ્યા અને અંડાશયની સ્થિતિ તપાસી ઈંજેક્શન શરૂ કરશે જે ૯-૧૦ દિવસ સુધી નિયત કરેલા સમયે દરરોજ લેવાના હોય છે.
- અમારા ડૉક્ટર અને સીસ્ટર (નર્સ) તમને ઈંજેક્શન સમજાવશે જે એકવાર બરાબર સમજી લીધા પછી આ ઈંજેક્શન તમારા ફેમીલી ડૉક્ટર પાસે પણ લઈ શકો છો જેના માટે દરરોજ કેન્દ્રમા આવવુ ફરજીયાત નથી.
- ઈંજેક્શનની મુખ્ય આડઅસર વધુ પડતો રિસ્પોન્સ છે જે ૧૦૦૦ માંથી એકાદ દર્દીમાં શક્ય છે. સારવારમા ઈંજેક્શન ચાલુ હોય ત્યારે નહીવત તકલીફ જેવી કે પેઢુમા દુઃખાવો, ઉલટી, ચક્કર આવવા વિગેરે થાય તો હોસ્પિટલનો સંપર્ક કરવો.

### B. સોનોગ્રાફી (ડૉક્ટર દ્વારા તપાસ) :

- ઈંજેક્શન શરૂ કર્યા બાદ ડૉક્ટરની સલાહ મુજબ સોનોગ્રાફી કરીને ઈંજેક્શન ચાલુ હોય ત્યારે માપણી કરવામા આવે છે. અને બીજની નંબર અને સાઈઝ જોઈ અને ઈંજેક્શનમાં ઉચિત રૂપે ફેરફાર કરવામા આવતા હોય છે.

### C. ટ્રીગર ઈંજેક્શન (બીજ છુટા પડવાનું) :

- સ્ત્રીબીજ અંડાશયમા સંપૂર્ણ વિકસિત થઈ ગયુ હોય ત્યારે આ ઈંજેક્શન આપવામા આવે છે, આ ઈંજેક્શન આપ્યાના ૩૪-૩૬ કલાકે ઓવમ પીકઅપ (સ્ત્રીબીજ બહાર કાઢવાની પ્રક્રિયા) થાય છે.
- આ ટ્રીગર ઈંજેક્શન આપેલા નક્કી સમય પર લેવાનું હોય છે. જે રાતના સમય પર લેવાનુ હોવાથી તે કેવી રીતે લેવાનુ અને ઓવમ પીકઅપ માટે ક્યારે દાખલ થવુ તે બધી જ માહિતી અમારા ડૉક્ટર દ્વારા તમને આપવામા આવશે.

### D. ઓવમ પીકઅપ (સ્ત્રીબીજ-મેળવવાની પ્રક્રિયા) :

- આ દિવસે સવારે ભૂખ્યા પેટે દાખલ થવાનુ હોય છે. આ દિવસે અત્તર/સ્પ્રે/હેર કલર/નેઈલ પેઈન્ટ/ડાઈ/મહેંદી સારવાર દરમ્યાન વાપરવા નહી. ૧૦ થી ૨૦ મિનિટ ચાલતી આ પ્રક્રિયા ટ્રાન્સવજાઈનલ સોનોગ્રાફીની મદદથી જનરલ એનેસ્થેસીયામા કરવામા આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ થતા તમે જ્યારે ભાનમા આવો, સારૂ લાગે ત્યારે આશરે ત્રણ-ચાર કલાકમા તમને રજા આપવામા આવશે. સામાન્ય પેઢુમા દુઃખાવો થાય તો દુઃખાવાની દવા જે ડૉક્ટર દ્વારા સૂચવેલ હોય તે લઈ શકો છો. ક્યારેક જ એવુ બની શકે કે આપણને એકપણ સ્ત્રીબીજ ન મળે, જે અંડાશયની સ્થિતિ પર આધાર રાખે છે.

### E. સિમેન કલેક્શન (વીર્ય મેળવવું) :


- ઓવમ પીકઅપ (સ્ત્રીબીજ મેળવવાના) દિવસે પતિનુ વીર્ય લેવામા આવે છે. હસ્તમૈથુનથી એક કન્ટેનરમા વીર્ય લેવાનુ હોય છે જેના માટે અલાયદા રૂમની વ્યવસ્થા છે. આ કલેક્શન લેતી વખતે ઈન્દ્રિય પર કોઈ દવા કે કોઈપણ પદાર્થ લગાવવો નહી. ઘણી પુરૂષો તણાવયુક્ત હોવાથી વીર્યનુ સેમ્પલ આપવામા તકલીફ અનુભવતા હોય છે તેથી આપણે અગાઉથી જ એક વધારાનુ વીર્યનુ સેમ્પલ થીજવીને (કાયા-પ્રિઝર્વેશન) રાખતા હોઈએ છીએ. જેથી કરીને ઓવમ પીકઅપના દિવસે જો વીર્ય આપવામા તકલીફ થાય તો થીજવેલા સેમ્પલનો ઉપયોગ કરી શકાય.
- કેટલાક સંજોગોમા ઘરેથી વીર્યનુ સેમ્પલ લઈ ૨૦ થી ૨૫ મિનિટમા પહોંચાડી શકાય છે. આ સારવાર દરમ્યાન સંભોગ રાખી શકાય છે. સ્ત્રીબીજ મેળવવાના હોય તેના અગાઉ ત્રણ-ચાર દિવસનો વીર્ય સ્ખલનના થયેલ હોય તેવુ સેમ્પલ વધુ અસરકારક હોય છે.

### I. ગર્ભ બનાવવાની પ્રક્રિયા ICSI – ઈન્ટ્રા સાઈટોપ્લાઝ્મીક સ્પર્મ ઈંજેક્શન :

- અત્યંત આધુનિક સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા એમ્બ્રીયોલોજીસ્ટ એક જ શુકાણુને ખુબ જ બારીક કાચની સોય દ્વારા પકડી સ્ત્રીબીજના મધ્યભાગમા દાખલ કરે છે. આ પ્રક્રિયા બધા જ પુખ્ત સ્ત્રીબીજ માટે એક પછી એક કરવામા આવે છે. ત્યારબાદ એમ્બ્રીયોલોજીસ્ટ ફલીનીકરણ તથા વિકાસનો અભ્યાસ કરે છે.
- ICSI : ઈક્સી (ઈન્ટ્રા સાયટોપ્લાઝમીક સ્પર્મ ઈંજેક્શન) - એક સ્ત્રીબીજમા એક પુરૂષબીજનો પ્રવેશ કરાવી ફલન કરાવવાની આ પ્રક્રિયાને ઈક્સી તરીકે ઓળખાય છે. હાલમા ટેસ્ટટ્યુબ બાળક સારવારમા ફલન કરવાની આ શ્રેષ્ઠ પધ્ધતિ છે. જેમા સ્ત્રીબીજના ફલન માટે પુરૂષના ફક્ત એક બીજની જરૂર પડે છે. ગર્ભ વધુ સારા બને છે, ગર્ભ રહેવાની શક્યતા વધે છે.

■ Intra-cytoplasmic sperm injection (ICSI) is a procedure consisting of an injection of a single sperm directly into an egg in order to fertilize it. One individual sperm is picked up in a tiny needle, many times smaller than a human hair. This sperm is then injected directly into the centre of a mature egg. Under the guidance of microscope. This gives a higher chance of embryo formation then conventional IVF. **Indications Of ICSI :** ■ Abnormal sperm parameters (low sperm count, low sperm morphology and/or motility) ■ Previous history of failed fertilisation with conventional IVF ■ The sperm has been surgically retrieved

■ ઇકસી (ICSI) એક પ્રક્રિયા છે, જેમાં ફક્ત એક સ્પર્મ (SPERM) ને માઈક્રો સ્કોપની મદદથી અંડકોષ (EGG) માં દાખલ કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી ફલન દ્વારા એમ્બ્રીઓ (ભ્રુણ-EMBRYO) બનવાની શક્યતા ઘણી જ વધારે હોય છે.



આ પ્રક્રિયા ક્યારે કરવામાં આવે છે?

■ સ્પર્મના કાઉન્ટ (સંખ્યા) ઓછી હોય ત્યારે ■ સ્પર્મની ગતિશીલતા (મોટિલિટી) ઓછી હોય ત્યારે ■ સ્પર્મના આકાર (મોરફોલોજી) માં કોઈ તકલીફ હોય ત્યારે ■ ભુતકાળમાં આઈ.વી.એફ. ફેલ થયું હોય ત્યારે ■ સર્જરી દ્વારા સ્પર્મ લેવામાં આવ્યા હોય ત્યારે

## આઈ.વી.એફ. અને ICSI સાથે સંકળાયેલ એડવાન્સ પધ્ધતિઓ

**૧. IMSI, PICSI & MACS :** શુક્રાણુને વધુ સારા સિલેક્ટ કરવા માટે IMSI ઈમસી (ઈન્ટ્રા સાયટોપ્લાઝમીક મોર્ફોલોજીકલી સીલેક્ટેડ સ્પર્મ ઈંજેકશન), PICI & MACS ટેકનોલોજી પણ વપરાય છે.

**૨. MESA, PESA, TESA & MICRO TESE :** જો કોઈ સંજોગોમા પુરૂષના સામાન્ય રીતે લીધેલા વીર્યના સેમ્પલમા શુક્રાણુ આવતા ના હોય તેવા સંજોગોમાં નીચેના માંથી કોઈ એક વિકલ્પનુ સુચન યુરોલોજીસ્ટ ડૉક્ટરની સલાહ મુજબ આપવામા આવતુ હોય છે.

- MESA : મેસા (માઈક્રો સર્જીકલ એપિડિડીમલ સ્પર્મ એસ્પીરિશન)
- PESA : પેસા (એપીડીડાયમલ સ્પર્મ એક્ટ્રેક્ષન)
- TESE : ટેસા (ટેસ્ટીક્યુલર સ્પર્મ એક્ટ્રેક્ષન)
- MICRO TESE

ઉપર મુજબની સર્જીકલ પધ્ધતિ દ્વારા શુક્રાણુની ખામી વાળા પુરૂષોના શુક્ર ગોળીમાંથી જીવીત શુક્રાણુ લેવામા આવે છે. આ પ્રકારની આધુનિક સારવારોની મદદથી પુરૂષના શરીરમા, વીર્ય કે ટેસ્ટીસમા ગમે તેટલી ઓછી માત્રામા પુરૂષ બીજ હોય તો પણ પુરૂષ પોતાના બીજથી સંતાન પ્રાપ્તી કરી શકે છે.


DS : (ડોનર સ્પર્મ), પુરૂષનુ ટેસ્ટીક્યુલર ફેલ્યોર હોય, સ્પર્મ ન હોય તેવા કિસ્સામા સ્પર્મ ડોનર પ્રથાથી સીમેન બેંકમાંથી મેળવી શકાય છે.

## IMSI

■ Intracytoplasmic morphologically selected sperm injection (IMSI) is a technique used in IVF treatment to examine and select sperm using a high-magnification digital imaging microscope for microinjection into the egg.

■ IMSI is a modification of the ICSI technique where sperm samples are examined under a microscope that is almost 6000 times more powerful to better assess their "morphology". At a higher power the embryologist can identify tiny defects in the sperm head that would not otherwise be visible. it is believed that these abnormal sperm are less likely to carry normal genetic material. IMSI use high power magnification to identify these abnormalities of sperm, therefore select the most normal looking sperm.

■ ઈન્ટ્રા સાયટોપ્લાસ્મિક મોરફોલોજિકલી સેલેક્ટેડ સ્પર્મ ઈન્જેકશન (IMSI) એ ઈકસી (ICSI) થી આગળ ની પ્રક્રિયા છે જેમાં ૬૦૦૦ ગણા પાવરફુલ માઈક્રોસ્કોપની મદદ લઈને સૌથી સારી રચના (મોરફોલોજી-MORPHOLOGY) વાળા સ્પર્મ સિલેક્ટ કરવામાં આવે છે. આ રીતે સ્પર્મમાં રહેલી નાની રચનાકીય ખામીઓને શોધીને સૌથી સારા સ્પર્મને અંડકોષમાં ફલિત કરવા માટે દાખલ કરી શકાય છે. આથી બાળકમાં આનુવંશિક તકલીફ આવાની શક્યતા ઘણી ઓછી રહે છે.



## Blastocyst (બ્લોસ્ટોસિસ્ટ) Culture (કલ્ચર)

■ અગાઉ, ગર્ભ સ્થાનાંતરણ (Embryo Transfer) ની પ્રક્રિયા બે કે ત્રણ દિવસ વિકસિત ગર્ભ સાથે કરવામાં આવતી હતી. જો કે, હવે IVF માં પ્રગતિના કારણો ગર્ભને Laboratory માં પાંચ દિવસ સુધી વિકસાવી શકાય છે જેને Blastocyst કહેવાય છે. આ પધ્ધતિ તમામ ગર્ભોને તેમની વિકાસ લક્ષી સંભાવના સાબિત કરવાની વધુ તક આપે છે. કેટલાક ગર્ભનો પાંચ દિવસ પહેલા જ વિકાસ અટકી જાય છે. આ રીતે કુદરતી પસંદગી થી Embryo Transfer માટે શ્રેષ્ઠ ગર્ભ ઓળખવા અને પસંદ કરવામાં મદદ મળે છે.



**ફાયદાઓ :–**

૧) ફક્ત શ્રેષ્ઠ વિકાસ ક્ષમતાવાળા ગર્ભ Blastocyst બને છે, જેથી Embryo Transfer માટે ખૂબ સક્ષમ ગર્ભની પસંદગી કરવામાં આવે છે.

૨) કુદરતી ગર્ભાવસ્થામાં ગર્ભના ગર્ભાશયમાં પહોંચવા માટે ગર્ભાધાન પછી લગભગ પાંચ દિવસનો સમય લાગે છે, જ્યાં તે રોપાય છે. આ દિવસે ગર્ભાશય વધુ ગ્રહણશીલ હોય છે માટે, Blastocyst Transfer કરવુ વધુ કુદરતી છે.

૩) કેટલાક Patients ને PGS/PGD કરવાની જરૂર પડે છે, જેના માટે Blastocyst Culture અનિવાર્ય છે, જે બીજા કે ત્રીજા દીવસના ગર્ભ કરતા વધારે સફળ થાય છે.

૪) બીજા કે ત્રીજા દિવસના Embryo Transfer સાથે નિષ્ફળ IVF નો ઈતિહાસ ધરાવતા દર્દીમાં Blastocyst Culture કરવાથી ગર્ભના વિકાસ સાથે સંબંધિત વધુ માહીતી પ્રાપ્ત થઈ શકે છે અને ગર્ભાવસ્થા દર સુધારવામાં સહાય મળે છે.

૫) Blastocyst Culture પધ્ધતિથી એકમાત્ર ગર્ભને Transfer કરી શકાય છે જેના કારણે જોડીયા બાળકોની સંભાવના ઓછી કરી શકાય છે.

## Laser (લેસર) Assisted (સહાયથી) Hatching (હેચીંગ)

■ આ એક વૈજ્ઞાનિક તકનીક છે, જે ગર્ભના બાહ્ય સ્તર (Zona Pellucida) ને સરળ બનાવે છે. કેટલીક પરિસ્થિતિઓમાં આ સ્તર અસામાન્ય રીતે જાડુ હોય છે, જેમાં Laser Assisted Hatching ની મદદથી ગર્ભના ગર્ભાશયની દિવાલમાં રોપાવાની સંભાવના વધુ સારી હોય છે. ■ આ પ્રક્રિયામાં Embryologist Microscope હેઠળ, એક સંક્ષિપ્ત, મજબૂત પ્રકાશ બીમ (Laser) ગર્ભના બાહ્ય સ્તર (Zona Pallucida) પર મોકલે છે, અને ત્યાર બાદ ગર્ભને ગર્ભાશયમાં Transfer કરવામાં આવે છે. ■ આ પ્રકિયા માત્ર થોડી Seconds ચાલે છે, અને સલામત પ્રકિયા છે, જેના કારણે ગર્ભને નુકશાન થતુ નથી.

## PGS & PGS

■ Implantation પહેલા આનુવંશિક (Genetic) પરીક્ષણ માટે Embryo પર હાથ ધરવામાં આવતા બે પરીક્ષણો છે, Pre-Implantation Genetic Diagnosis (PGD) અને Pre-Implantation Genetic Screening (PGS) આ પરીક્ષણો પછી, ફક્ત ગર્ભો કે જે આનુવંશિક વિકૃતિઓ (Genetic Abnormalities) થી મુક્ત હોય છે, તેને જ સ્ત્રીના ગર્ભાશયમાં રોપવામાં આવે છે.

■ આ પરીક્ષણો માટે ગર્ભના બાહ્ય ભાગમાંથી થોડા કોષો લેવામાં આવે છે, જેના કારણો ગર્ભને કોઈ નુકશાન થતુ નથી.

■ PGS નો ઉપયોગ એ નક્કી કરવા માટે થાય છે કે શું ગર્ભમાં કોષો રંગસૂત્રોની યોગ્ય સંખ્યા ધરાવે છે. સામાન્ય સ્વસ્થ મનુષ્યમાં રંગસૂત્રોની કુલ ૨૩ જોડી હોય છે. રંગસૂત્રોની સંખ્યા સામાન્ય કરતા વધુ કે ઓછી હોવાના કારણે ગર્ભ રોપાવામાં (Implatation) નિષ્ફળ થાય છે અથવા કસુવાવડ (Miscarriage) થાય છે. સ્ત્રીની ઉંમર સાથે રંગસૂત્રોની અસામાન્ય સંખ્યાનું જોખમ વધે છે. આમ, આ પરીક્ષણ ૩૫ વર્ષથી વધુ ઉંમરની IVF દ્વારા બાળક મેળવવામાં પ્રયાસ કરતી સ્ત્રીઓ માટે જરૂરી છે. જો સ્ત્રીને વારંવાર કસુવાવડ થતી હોય, તેના માં પણ PGS ઉપયોગી સાબિત થઈ શકે છે. વારંવાર આઈ.વી.એફ. નિષ્ફળ જતા હોય કે સ્પર્મ અને એગ ક્વોલીટી સારી ના હોય ત્યારે પણ PGS ઉપયોગી થઈ શકે છે.

■ PGD નો ઉપયોગ ચોક્કસ રોગોથી જોડાયેલા જનીનો ને શોધવા માટે થાય છે. જો પુરૂષ અથવા સ્ત્રી બન્નેમાં કોઈ ચોક્કસ આનુવંશિક રોગનો પારિવારિક ઈતિહાસ હોય, તો આ પરીક્ષણ એ સુનિશ્ચિત કરવામાં મદદ કરી શકે કે IVF થી જન્મેલા બાળકમાં તે રોગ ની અસર છે કે નહી. પરીક્ષણ કરવા માટે માતા-પિતા બંનેમાંથી એક એ આ રોગ થી પીડાય તે જરૂરી નથી. ઘણા કિસ્સાઓમાં વ્યક્તિ ફક્ત Genes નો વાહક હોઈ શકે છે. PGD નો ઉપયોગ કેટલાક રોગોના પરીક્ષણ માટે વપરાય છે. જેમ કે, Huntingdon's Disease, Martum, Syndrome, Cystic Fibrosis, Hemophilia, Duchenne, Muscular Dystrophy.



## Match Witness System

■ Although Generally recognized as a very very rare event in IVF, biological sample mixup of either oocyle sperm or embryo can accidentally happen at any time. ■ Patient have to cope with the psychological damage and stress of such sample mix-ups and it could potentially be catastrophic for both, hospital and patients. ■ Mixing can occurs at time of either initial gamate collection, IVF, ICSI, Embryo freezing or Embryo transfer. ■ So with the aim to further reduce the risk or error during sample handling, We are introducing "Match Witness System" a recent innovation. ■ Only a few centres have implemented the technology to this point, all around the world. ■ It safeguards all steps of IVF procedures and minimize the stress of patient regarding mix-ups that inturn enhance patients emotional balance. ■ In addition to human double check up approach "Match Witness System" rule out even minor possibility of mix-ups.

■ Patients entering the cycle will receive an RFID ID card with unique identity information ■ The blank chip is pre-pasted on the prepared vessels for further identification ■ In each workspace of the laboratory, data Analyzed Automatically ■ System actively scans & confirms that there is no mismatch in the workspace, and automatically prompts the steps ■ When workspace detects samples of different couples, it automatically interrupts the operation & reminds the operator ■ Before Embryo transfer, the system scans patient's ID card, witness the identification process













**અત્યાધુનિક IVF Inteligent Match Witness System સાથે જ કાર્યરત છે. RFID Technology પર જેનાથી આઈ.વી. એ લેબની પ્રકિયાઓ સચોટ બને છે અને અંડકોષ, શુક્રાણુ અને ગર્ભના સેમ્પલનું મેચિંગમાં થતી માનવજન્ય ભૂલોની શક્યતાઓ દૂર કરે છે.**

■ આઈ.વી.એફ. ટ્રીટમેન્ટ સારવારમાં દાખલ થતાં યુગલ-દંપત્તિને RFID કાર્ડ આપવામાં આવે છે જેમાં દંપત્તિની યુનિક માહિતી સ્ટોર હોય છે. ■ લેબોરેટરીના પેટ્રી ડીશ, ટેસ્ટટ્યુબ, સિમેન કન્ટેઈનર પર બ્લેન્ક ચીપ લગાવવામાં આવે છે. ■ કપલની માહિતી RFID કાર્ડ પરથી બ્લેન્ક ચીપ પર ટ્રાન્સફ થાય. ■ મેચ સિસ્ટમ દરેક વર્કપ્લેસની ચીપની માહિતી આગળની માહિતીથી સુસંગત થાય તે નિશ્ચિત કરી પ્રકિયા આગળ વધારે છે. ■ એક વર્કપ્લેસ પર જુદા કપલની માહિતીવાળા સેમ્પલ આવે તો સિસ્ટમ પ્રકિયાને અટકાવી છે. ■ ગર્ભ પ્રત્યારોપણ પહેલા સિસ્ટમ પેશન્ટના RFID કાર્ડ ને ઓળખે છે પછી જ આગળની પ્રોસેસ થાય છે. ■ સિસ્ટમ ફ્રીજ કરેલા અંડકોશ, શુક્રાણુ અને ગર્ભના સેમ્પલની રીકવરી પ્રોસેસમાં મદદ કરે છે, અને પોતાના જ ગર્ભ ટ્રાન્સફર થાય તેમા ડબલ વિટનેસ કરે છે. ■ ચીપને લીધે ગર્ભના વિકાસમાં કોઈ નુકશાન કે આડઅસર થતી નથી. ■ સીમેન કલેકશન રૂમમાં એન્ટ્રીફિંગર પ્રિન્ટથી કરી શકાય છે.

સિસ્ટમથી ડબલ વિટનેસ પદ્ધતિથી સેમ્પલના મેચિંગમાં થતી માનવજન્ય ભૂલોને ખૂબ જ અસરકારક રીતે દૂર કરી શકાય છે અને આઈ.વી.એફ. પ્રકિયા સચોટ રીતે અને સુરક્ષિત રીતે પૂર્ણ કરી શકાય છે.

## J. ગર્ભ ટ્રાન્સફર (Fresh Transfer) :

- ઓવમ પીકઅપના ત્રીજા કે પાંચમા દિવસે (બ્લાસ્ટોસિસ્ટ) ગર્ભને ગર્ભાશયમા મૂકવામા આવે છે. આ દિવસે ભૂખ્યા પેટે આવવાની જરૂર નથી. પેશાબ રોકીને રાખવાનો હોય છે. નાજુક પ્લાસ્ટિક (કેથેટર)માં ગર્ભને લઈ સોનોગ્રાફીની મદદથી યોનિમાર્ગ દ્વારા ગર્ભને ગર્ભાશયમાં મૂકવામા આવે છે. ગર્ભ મૂક્યા પછી થોડો સમય આરામ કરી તમે ઘેર જઈ શકો છો. રૂટિન કામ કરી શકો છો. ભારે વજન ઉચકવું નહિ તથા ભારે કામ કરવાની મનાઈ છે.
- ગર્ભ ટ્રાન્સફર બાદ તમારે કઈ દવા ચાલુ રાખવી તેની માહિતી ડૉક્ટર દ્વારા આપવામા આવશે. જે તમારૂ રીઝલ્ટ ૧૪ દિવસ પછી આવે ત્યા સુધી ચાલુ રાખવાની રહેશે. કોઈપણ સંજોગોમા આ દવાઓ ડૉક્ટરની સલાહ સિવાય બંધ કરવી નહિ.

## K. થીજવેલ ગર્ભનું ટ્રાન્સફર (Frozen Transfer) :

- આ સારવાર માસિકચક્રના બીજા/ત્રીજા દિવસથી શરૂ થતી હોય છે તે માટે કોઈ ઈંજેક્શન લેવાની જરૂર પડતી નથી. માત્ર ગોળીઓ (ટેબ્લેટ)ની મદદથી ગર્ભાશયની દિવાલને વિકસાવવામા આવે છે. માસિકના બીજા દિવસથી દવાઓ શરૂ કરી તેની અસર તપાસવા માટે ૯/૧૦ દિવસ પછી સોનોગ્રાફી માટે આવવાનુ હોય છે. ગર્ભાશયની દિવાલ ગર્ભને ટકવા માટે તૈયાર થાય પછી ૩ કે ૫ દિવસ પછી ગર્ભ મૂકાવવા માટે આવવાનુ રહેશે. આ દરમ્યાન પતિની જરૂર ફરજીયાત નથી હોતી.

## L. પ્રેગનેન્સી ટેસ્ટ :

- ગર્ભ ટ્રાન્સફરના ૧૪-૧૫ દિવસ પછી લોહીનો રીપોર્ટ - B-HCG કરવામા આવે છે. B-HCG એ શરીરમા ગર્ભ રહ્યા પછી ઉત્પન્ન થતો એક અંતસ્ત્રાવ છે, જે સૌપ્રથમ લોહીની તપાસમા નોંધી શકાય છે, ત્યાર બાદ પેશાબમા પણ તેનુ પ્રમાણ થોડા દિવસ પછી આવે છે, આ રીપોર્ટ પ્રેગનેન્સી રહી છે કે નહી તેનું અનુમાન આવે છે. રોજીંદા ઉપયોગમાં જે પેશાબ તપાસની યુરીન પ્રેગનેન્સી કીટ વપરાય છે તે આ સિધ્ધાંત પર જ કામ કરે છે.
- જો ટેસ્ટ પોઝીટિવ આવે તો તેના ૭-૧૦ દિવસ પછી સોનોગ્રાફી દ્વારા પ્રેગનેન્સીની તપાસ કરવાની રહેશે. જો ટેસ્ટ નેગેટીવ હોય તો આગળની સારવાર માટે અમારા ડૉક્ટર સાથે વાત કરી જો વધારાના ગર્ભ ફ્રિજિંગમા હોય તો તે માટે અથવા બીજી સારવાર માટે આવી શકો છો.

## એમ્બ્રિયો ફ્રિજિંગ (ગર્ભની થીજવણી)

- જો વધુ ગર્ભ બન્યા હોય તો વધારાના ગર્ભને થીજવીને રાખી મૂકવામા આવે છે. આની જાણકારી તમને ગર્ભ ટ્રાન્સફર પહેલા કરવામા આવશે જેની સંમતિપત્રક પર સહી લેવામા આવશે. કોઈ કારણસર ગર્ભ ટ્રાન્સફર એ જ સાયકલમા કરવુ હિતાવહ ન હોય તો તેને ઓલ ફ્રીજ સાયકલ (બધા જ ગર્ભની થીજવણી) કરવામા આવે છે અને તેને પછીની સાયકલમા ફ્રોઝન ટ્રાન્સફર કરવામા આવશે જેની ચર્ચા કરીને સંયુક્ત નિર્ણય લેવાશે.

## ઓવમ ડોનેશન (દાતાના સ્ત્રીબીજથી થતી સારવાર)

- ઉંમર વધી ગઈ હોય, થોડા વર્ષ પહેલા મેનોપોઝમાં આવી માસિક બંધ થયેલ હોય, નાની ઉંમરમા બીજ બનતા બંધ થઈ ગયા હોય, છતા સંતાન પ્રાપ્તી ઈચ્છનાર સ્ત્રી કોઈ યુવાન સ્ત્રીનુ બીજદાન મેળવી અને પોતાના પતિના સ્પર્મથી સંતાન પ્રાપ્ત કરી શકે. ઓવમ ડોનેશન (સ્ત્રીબીજ દાતા) તથા રેસીપીયન્ટ (સ્વીકારક) બંન્નેને અલગ અલગ સારવાર દ્વારા તૈયાર કરવામા આવે છે. સ્ત્રીબીજ દાતાના અંડાશને અનુરૂપ ઈંજેક્શન આપવામા આવશે. સ્ત્રીબીજ બહાર નીકાળવાના દિવસે સ્વીકારક(રેસીપીયન્ટ)ના પતિએ વીર્ય આપવાનુ રહેશે અને તે દ્વારા બનેલા ગર્ભને સ્વીકારકના દવાથી વિકસિત ગર્ભાશયની દિવાલમા મૂકવાનુ રહેશે. આ સારવારમાં જરૂરી કાયદાકીય કાગળો સ્ત્રીબીજ બેંકમાં કરવામાં આવશે. દર્દીના પોતાના જાણીતા વ્યક્તિ ડોનર તરીકે સ્ત્રીબીજ દાન સ્ત્રીબીજ બેંકમાં કાયદાકીય કાગળો બનાવીને કરી શકે છે. આ સારવારમાં સ્ત્રીબીજ બેંક દ્વારા ડોનરનો ઈન્સ્યોરન્સ, રીપોર્ટ અને એફીડેવીટ કરવામાં આવશે.

## સિમેન ડોનેશન (દાતાના વીર્યથી થતી સારવાર)

- આ સારવારમા ડોનર (દાતા) તથા રેસિપીયન્ટ (સ્વીકારક) બન્નેના શક્ય તેટલા ગુણો મેચ કરીને યોગ્ય દાતાના વીર્યની મદદથી આઈ.યુ.આઈ. તથા આઈ.વી.એફ. કરવામા આવે છે. જેના માટે દંપતિની સંમતિપત્રક પર મંજૂરી લેવામા આવે છે, આ સારવાર તદ્દન ગોપનીય રાખવામા આવશે. દર્દીના પોતાના જાણીતા વ્યક્તિ ડોનર તરીકે જરૂર કાયદાકીય કાગળો વિર્ય બેંકમાં જઈને વિર્ય દાન કાયદાકીય રીતે કરી શકે છે.

## સિમેન ફ્રિજિંગ (વીર્યની થીજવણી)

- સામાન્ય રીતે આઈ.વી.એફ.ની સારવાર ઉપરાંત બીજા કારણોસર પણ વીર્યની થીજવણીની જરૂર પડતી હોય છે જેમ કે,
  1. ભારત દેશની બહારથી આવતા દંપતિ કે જેમા પતિ લાંબા સમય સુધી રોકાઈ ન શકે તેવા સંજોગોમા દંપતિની સંમતિપત્રક પર સહી લઈ પતિનુ વીર્ય ફ્રિજ કરવામા આવે છે જેથી પતિની ગેરહાજરીમા પણ સારવાર પૂર્ણ થઈ શકે.
  2. કેન્સર જેવી બિમારીઓની સારવાર લેતા પુરૂષોમા સમય જતા વીર્યની ગુણવત્તામા ઘટાડો થઈ શકે છે. અથવા આવા સંજોગોમા સારવાર (કિમોથેરાપી, રેડિયોથેરાપી) લેતા પહેલા વીર્યની ૨ કે ૩ સેમ્પલ ફ્રિજ (થીજવી) રાખવામા આવે છે. જેથી ભવિષ્યમા આઈ.વી.એફ. પધ્ધતિ દ્વારા પોતાના જ વીર્યનો ઉપયોગ કરીને સંતાનપ્રાપ્તિ કરી શકાય છે.

## સ્ત્રીબીજની થીજવણી (ઓસાઈટ્સ ફ્રિજિંગ)

- ટેક્નોલોજીના આ યુગમા ઉચ્ચ કારકિર્દી માટે મોટા ભાગના દંપતિઓમા સંતાનપ્રાપ્તિની પ્રાથમિકતા બદલાતી જાય છે. આવા સંજોગોમા સ્ત્રીની ઉંમર વધવાની સાથે સ્ત્રીબીજ બનવાની તકલીફ શરૂ થતી હોય છે. જેથી કરીને ભવિષ્યમા સ્ત્રીની માતા બનવાની યોગ્યતા ઉપર અસર પડે છે. આવા દંપતિ / સ્ત્રીઓમા યોગ્ય ઉંમર પર સ્ત્રીબીજની થીજવણીનો સારવાર તેમને મદદરૂપ થઈ શકે છે.
- કેન્સર જેવી બિમારીથી પીડાતી સ્ત્રીઓમા પણ સારવાર (કિમોથેરાપી, રેડિયોથેરાપી) શરૂ કરતા પહેલા સ્ત્રીબીજની થીજવણી કરવાથી ભવિષ્યમા આઈ.વી.એફ. પધ્ધતિથી સંતાનપ્રાપ્તિ થઈ શકે છે.

## સરોગેટ માતૃત્વ શું છે?

- જ્યારે સંતાન પ્રાપ્તિ ઈચ્છતા યુગલ માટે કોઈ અન્ય સ્ત્રી તેમનો ગર્ભ પોતાના ગર્ભાશયમા ઉછેરીને (ગર્ભધારણ કરીને) સુવાવડ કરાવીને જન્મનાર બાળકને જેતે યુગલને સોંપી દે તે સારવારને સરોગેટ મધર સારવાર કહે છે. સરોગેટ મધર સારવાર સંપૂર્ણ કાયદાકીય છે. સંતાન મેળવનાર યુગલનુ પોતાનુ જ વારસાગત બાળક હોય છે. અને થનાર માતા-પિતા તરીકે સંતાન મેળવનાર યુગલનુ જ કાયદાકીય રીતે બાળકના માતા-પિતા તરીકે નામ કરણ થાય છે. ફક્ત ૯ મહિનાનો ઉછેર બિજાની કુખમા કરવામા આવે છે. Surrogacy: સ્ત્રીમા ટી.બી. કે અન્ય બિમારી ને કારણે ગર્ભાશયને નુકશાન હોય કે અન્ય રોગને કારણે કે ગર્ભાશય કાઢી નાંખવામા આવેલ હોય, અથવા જન્મજાત ગર્ભાશય ન હોય ત્યારે આઈ.વી.એફ. દ્વારા અન્ય મદદગાર સ્ત્રી ગોદ/કુખ આપે તો તેમા એમ્બ્રીયો ટ્રાન્સપ્લાન્ટ કરી સંતાન પ્રાપ્ત થઈ શકે. આ સારવારમાં સરકારી પરવાનગી અને એફીડેવીટ કરવાના હોય છે.

## સ્નેહ આઈ.વી.એફ. સેન્ટર ખાતે શ્રેષ્ઠ પરિણામ મળે છે

- સફળતાની શક્યતાઓ સૌથી વધુ આધાર સ્ત્રીપાત્રની ઉંમર પર રહે છે.
- આ ઉપરાંત હોસ્પિટલના અનુભવી ડૉક્ટરની ટીમ, નિષ્ણાંત એમ્બ્રોલોજીસ્ટ, તમામ આધુનિક સુવિધાઓ જેમ કે બ્લાસ્ટોસિસ્ટ, લેસર, વીટનેસ, ફ્રીઝીંગ ટેકનોલોજીના કારણે શ્રેષ્ઠ પરીણામ મળે છે.

## સ્નેહ હોસ્પિટલની વિશેષતાઓ

- સ્નેહ આઈ.વી.એફ. સેન્ટર, જેણે રાજ્યભર ના મુખ્ય શહેરોમા ફળદ્રુપતાનાં કેન્દ્રોની સંગઠિત શૃંખલા સ્થાપિત કરી છે. અમારી ડૉક્ટર ટીમને ૯૦૦૦૦ થી વધુ વંધ્યત્વ કેસોનો અનુભવ છે. અને દર્દીને વારંવાર તપાસ માટેની સોનોગ્રાફી / પ્રેગનેન્સી પછીની સારવાર નજીકના કેન્દ્ર પર જ થઈ જાય છે.
- સમર્પિત અને ઉચ્ચ અનુભવી એમ્બ્રોયોજિસ્ટસ : કામગીરી સાતત્યતાની ખાતરી રાખવા માટે આઈ.વી.એફ./આઈ.સી.એસ.આઈ. પ્રક્રિયાઓ હાથધરવા માટે અમારી પાસે વિશેષ તાલીમબદ્ધ અને અનુભવી એમ્બ્રોયોજિસ્ટની ટીમ છે.
- ઉચ્ચ શુક્રાણુના તપાસ અને પરિણામ માટે નિષ્ણાંત PHD એન્ડ્રોલોજીસ્ટ ફુલટાઈમ હાજરી.
- એક સમાન અને વ્યવહારુ કિંમત : ભારતમા અમારા બધા કેન્દ્રોમા એકસમાન અને વ્યાજબી કિંમત માળખુ છે, જેને લીધે તમે પસંદગી કરેલા ઉપચાર સામે તમને સાચૂ મૂલ્ય મળી રહે તેની ખાતરી રહે છે.

## અત્યાધુનિક સર્જરીની સુવિધા

- Hystroscopy / Laproscopy : દૂરબીનથી ઓપરેશન : નળીઓની તપાસ / નળી ખોલવાનુ / ગાંઠ કાઢવાનુ ઓપરેશન, Polyp, Fibroid, Septum Resection, Adhesiolysis, Endometrosis નુ ઓપરેશન
- જન્મજાત ગર્ભાશય ન હોય/યોની માર્ગ બનાવવાનુ ઓપરેશન (Vaginoplasty)

**આ હોસ્પિટલમાં ભ્રૂણ/જાતિ પરિક્ષણ કરવામાં આવતું નથી.**

# स्नेह होस्पिटल एवंम् आई.वी.एफ सेन्टर के बाझंपन निवारण की उपलब्ध सारवार

## निःसंतानता का संपूर्ण अत्याधुनिक इलाज केन्द्र

- एडवान्स गर्भादान(IUI), स्मार्ट आई.वी.एफ.(IVF), जरुरत मंद मरीज के लिए टेस्ट ट्युब बेबी इलाज की भी सुविधा
- बच्चा न रहे ऐसी सभी तकलीफो का विकल्प
- PCOD - बीज छुटे न पडनें की तकलीफ का ईलाज - पोलीसिस्टिक ओवरी
- Menopause - संपूर्णरुप से माहवारी बंद हो गई हो ऐसी स्त्री को भी संतान प्राप्ति हो सके ऐसा विकल्प
- बच्चेदानी न हो ऐसी स्त्री को कूखदान (सरोगेसी) से गर्भ रहे ऐसी इलाज
- Low AMH (कम अंडे बन रहे) हो फिर भी गर्भ रहे ऐसे इलाज का विकल्प
- नली बंद हो ऐसी स्त्री को भी गर्भ रहे ऐसी सुविधा



## पुरुष वंध्यत्व का विशेष इलाज (उपचार)

- पुरुष शुक्राणु की कमी (Oligospermia), शुक्राणु की गतिशीलता कम होना (Low Motility)
- शुक्राणु रिपोर्ट मे न आते हो (Azoospermia) ऐसे मरीज के स्वयं के शुक्राणुओ को आधुनिक टेकनोलोजी से इलाज (TESA) की पद्धति से उपयोग मे ले कर, स्वयं के शुक्राणु की मदद से गर्भ रहे ऐसे प्रकार की खास सुविधाऐं

## निःसंतान दंपतिओ के लिए

- पहला बच्चा हो और दुसरी बार बच्चा न ठहरता हो उसका इलाज
- अधूरे महीने मे बच्चा गिर जाता हो उस मरीज को पूर्ण गर्भधारण रहे ऐसा इलाज
- टेस्ट ट्युब बेबी करवाने के बावजुद सफलता न मिली हो ऐसे मरीजो के लिए खास इलाज में छूट पेकेज
- कभी भी माहवारी न आयी हो / माहवारी बंद हो गयी हो उसका इलाज
- बच्चेदानी न हो / निकाल दी गई हो फिर भी कुखदान (सरोगेसी) द्वारा बच्चा मिले ऐसा इलाज



## अत्याधुनिक सर्जरी की सुविधा

- Laparoscopy - दुरबीन से ओपरेशन : नली की जांच / बंद नली खोलने का / गांठ निकालने का / बच्चेदानी का / केन्सर का ओपरेशन
- जन्मजात बच्चेदानी न हो/योनी मार्ग बनाने का ओपरेशन (Vaginoplasty)

**स्नेह होस्पिटल एवं आई.वी.एफ. सेन्टर के डॉक्टरो की टीम को १०००० से भी ज्यादा निःसंतानता के मरीजो की सारवार का अनुभव है। और अंतरराष्ट्रीय दिशा निर्देशो एवं धाराधोरण के अनुसार काम करते है। उसका गुजरात उपरांत अन्य राज्यो एवं विदेश के मरीज भी लाभ लेते है।**

## इस अस्पताल में भृण/जाति परिक्षण नहीं किया जाता है।

## हमारी सह शाखाऐं

मणीनगर · प्रहलादनगर · गोता · बोपल · वडोदरा

राजकोट · जामनगर · जुनागढ · भुज · मोरबी · अंजार · बाँसवाडा · बालोतरा · सांचोर · बाड़मेर

## हमारी शाखाऐं

**अहमदाबाद :**

**मणीनगर :** स्नेह आई.वी.एफ. सेन्टर : स्नेह होस्पिटल रोड, हाटकेश्वर CTM के पास, हाटकेश्वर सर्कल - सेवन्थ डे स्कूल के बीचमें, मणीनगर (पूर्व), अमदावाद-08. मो.: 7048331000.

**प्रहलादनगर :** स्नेह आई.वी.एफ. सेन्टर : तीसरी मंजील, सहजानंद पेलेस, गोपी रेस्टोरन्ट के उपर, आनंद नगर चार रस्ता, प्रहलादनगर, अहमदाबाद-15. मो.: 7048331000.

**गोता :** स्नेह आई.वी.एफ. सेन्टर : दुसरी मंजील, श्री विष्णुधारा गार्डन, जेगुआर शो-रुम रोड, जगतपुर, गोता, अहमदाबाद-81. मो.: 6359608000

**बोपल :** स्नेह आई.वी.एफ. सेन्टर : पहली मंजील, तुरक्योसे-3, अर्बन हेल्थ सेन्टर के पास, बाला जीमखाना रोड, बोपल, अहमदाबाद-58. मो.: 7567106000.

**वडोदरा :** छठ्ठी मंजिल, ईशान बिल्डींग, सिट्रोन कार शो-रुम के उपर, रीलायन्स मेगा मोल के सामने, ओल्ड पादरा रोड, वडोदरा-40. मो.: 6359100400.

**Helpline No.: 704833 1000**